રાજ્યમાં કોરોના રેકોર્ડ બ્રેક : નવા ૬૨૪ કેસ

અમદાવાદમાં ૨૧૧ અને સુરતમાં ૧૮૨ કેસ, રાજ્યમાં ૧૯ના મોત : કોરોના સંક્રમિતનો આંકડો બે દિવસમાં ૩૧ હજારને પાર અને કુલ મૃત્યુઆંક અઢારસોને પાર : ૩૯૧ દર્દી સાજા

ગાંધીનગર,તા.૨૮

રાજ્યમાં આજે સતત બીજા દિવસે રેકોર્ડ બ્રેક ૬૨૪ કેસો કોરોના પોઝિટિવના નોંધાયા છે. આ સાથે રાજ્યમાં કુલ કોરોના સંક્રમિતનો આંકડો ૩૧ હજારને વટાવી ૩૧૩૯૭ થયો છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાને લીધે ૧૯ જણાના મૃત્યુ થયા છે. આ સાથે મૃત્યુઆંક ૧૮૦૦ને વટાવી ૧૮૦૯ થયો છે. રાજ્યમાં આજે ૩૯૧ દર્દી ડિસ્ચાર્જ થયા છે. આ સાથએ રાજ્યમાં અત્યાર સુધીમાં ૨૨૮૦૮ દર્દીઓ કોરોના મુક્ત થયા છે. રાજ્યમાં આજે ૭૧ વ્યક્તિઓ વેન્ટીલેટર પર છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૬૨૫૮ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જેમાં ૬૨૪ જેટલા કોરોના પોઝિટિવના કેસ બહાર આવવા પામ્યા હતા. રાજ્યમાં આજે સતત બીજા દિવસે કોરોના પોઝિટિવનો આંકડો ૬૦૦ને વટાવ્યો હતો. જે દર્શાવે છે કે, હવે શહેરમાંથઈ રાજ્યના વિવિધ ગામડાઓમાં કોરોના પ્રસરી રહ્યો છે. બે દિવસમાં રાજ્યમાં ૧૨૦૦થી વધુ કેસો કોરોના પોઝિટિવના નોંધાતા આરોગ્ય વિભાગ માટે વિશેષ ચિંતાનો વિષય બની રહ્યો છે. રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૯ વ્યક્તિઓના કોરોનાને લીધે મૃત્યુ થયા છે. જેમાં અમદાવાદ કોર્પોરેશનમાં ૧૩, સુરત કોર્પોરેશનમાં ૧ અને જિલ્લામાં ૨, ગાંધીનગર-માં ૧, અરવલ્લીમાં ૧ અને ભરૂચમાં ૧ નોંધાયા છે. આ સાથે કુલ મૃત્યુઆંક કોરોનાને લીધે ૧૮૦૯ પર પહોંચ્યો છે. અમદાવાદ શહેર અને જિલ્લામાં આજે ૨૧૧ કોરોના પોઝિટિવના દર્દી નોંધાતા કુલ સંક્રમિતનો આંકડો ૨૦૪૮૦ થયો છે. આજે વધુ ૧૩ મૃત્યુ નોંધાતા કુલ મૃત્યુઆંક ૧૪૨૩ પર પહોંચ્યો છે. આરોગ્ય વિભાગે છેલ્લા સપ્તાહથી સુરત શહેરમાં વધી રહેલ કોવિડ-૧૯ કેસોને ધ્યાનમાં લઈ આજે સુરતના કતારગામ વિસ્તારમાં આવેલ વિવિધ ડાયમંડ યુનિટોમાં કામ કરતાં રત્ન કલાકારોનું હેલ્થ સ્ક્રીનીંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં ૨૧ ટીમો સ્ક્રીનીંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં ૨૧ ટીમો ધ્વારા ૧૪૬ ડાયમંડ યુનિટોમાં કુલ ૧૭૧૦૫ દર્દીઓને તપાસી પ્રોફાઈલેટીક દવા પુરી પાડવામાં આવી હતી. સુરત કોર્પોરેશનમાં ૧૭૪ અને જિલ્લામાં ૮ સાથે ૧૮૨ કેસો નોંધાયા હતા. આ સાથે સુરતમાં કોરોના સંક્રમિતનો આંકડો ૪૪૨૪ પર પહોંચ્યો છે. વડોદરા શહેરમાં આજે નવા ૪૪ દર્દીઓ સાથે કુલ કોરોના સંક્રમિતનો આંકડો ૨૧૬૫ પહોંચ્યો છે. ગાંધીનગર કોર્પોરેશનમાં ૧ અને જિલ્લામાં ૧૦ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૬૩૬ પર પહોંચ્યો છે. જ્યારે વધુ ૧ મોત સાથે મૃત્યુઆંક ૨૯ પર પહોંચ્યો છે. રાજ્યમાં આજે વલસાડમાં એક સામટા કોરોના પોઝિટિવના ૩૬ કેસો નોંધાયા છે. આ સિવાય રાજ્યના ૮ કોર્પોરેશન અને ૨૫ જિલ્લામાં કોરોના પોઝિટિવના કેસ નોંધાયા છે. જેમાં પાટણમાં ૧૧, કચ્છ, સુરેન્દ્રનગર અને અમરેલીમાં ૧૦, મહેસાણામાં ૮, બનાસકાંઠા અને ભરુચમાં ૭-૭, રાજકોટ કોર્પોરેશનમાં ૬ અને જિલ્લામાં ૪, ખેડા, જુનાગઢ કોર્પોરેશનમાં ૪-૪, અને જિલ્લામાં ૬, ભાવનગર કોર્પોરેશનમાં ૩ અને જિલ્લામાં ૫, અરવલ્લી, નવસારી અને મોરબીમાં ૪, સાબરકાંઠા, આણંદ અને બોટાદમાં ૩-૩, જામનગર કોર્પોરેશન, પંચમહાલ અને પોરબંદરમાં ૨-૨, ગીર સોમનાથ, નર્મદા અને તાપીમાં ૧-૧ અને અન્ય જિલ્લાના ૧૩ નોંધાયા છે.

ક્યા જિલ્લામાં કેટલા કેસ

શહેર	કેસ	મૃત્યુ	ડીસ્ચાર્જ
અમદાવાદ	૨૦૪૮૦	૧૪૨૪	૧૫૬૬૦
સુરત	૪૪૨૪	૧૫૬	૨૯૫૭
વડોદરા	૨૧૬૫	૪૭	૧૫૦૦
રાજકોટ	૨૫૦	૦૬	૧૧૬
ગાંધીનગર	૬૩૬	૨૯	૪૫૨
ભાવનગર	૨૪૮	૧૩	૧૫૦
કચ્છ	૧૫૧	૦૫	૯૨
મહેસાણા	૨૬૯	૧૧	૧૪૦
ગીર-સોમનાથ	૭૦	૦૧	૪૭
પોરબંદર	૧૬	૦૨	૧૦
પંચમહાલ	૧૭૦	૧૫	૧૩૦
પાટણ	૧૭૫	૧૪	૧૧૨
છોટાઉદેપુર	૫૫	૦૨	૩૭
જામનગર	૧૯૨	૦૪	૯૩
મોરબી	૨૦	૦૧	૦૭
સાબરકાંઠા	૧૬૯	૦૮	૧૧૪
આણંદ	૧૯૬	૧૩	૧૬૮
દાહોદ	૫૯	૦૦	૪૩
ભરૂચ	૨૧૨	૦૯	૧૦૦
બનાસકાંઠા	૧૭૬	૦૯	૧૫૪
ખેડા	૧૪૬	૦૫	૧૦૮
બોટાદ	૮૫	૦૩	૬૫
નર્મદા	૮૯	૦૦	૩૩
અરવલ્લી	૧૯૬	૧૮	૧૬૧
મહીસાગર	૧૩૫	૦૨	૧૧૦
નવસારી	૯૩	૦૧	૪૧
તાપી	૦૮	૦૦	૦૫
વલસાડ	૧૨૯	૦૩	૪૭
જૂનાગઢ	૯૦	૦૨	૪૮
સુરેન્દ્રનગર	૧૨૯	૦૫	૬૫
દેવભૂમિ દ્વારકા	૨૦	૦૧	૧૫
ડાંગ	૦૪	૦૦	૦૪
અમરેલી	૭૨	૦૬	૨૯
કુલ	૩૧૩૯૭	૧૮૦૯	૨૨૮૦૮

ધાનેરામાં વૃક્ષ પ્રેમીઓ કહે છે વૃક્ષ વાવો... જીવન બચાવો...

પણ વૃક્ષ કપાય છે તેનું ધ્યાન કેમ રાખતા નથી શુ ત્યાં વૃક્ષો પર પ્રેમ નથી આવતો ?

શું લોકો પોતાનું નામ કમાવવા માટે કામ કરી રહ્યા છે તેવું નથી લાગી રહ્યું ?

ધાનેરામાં અમુક સમયથી વૃક્ષ પ્રેમીઓનો જુવાળ ઊભો થયો છે આ લોકો વૃક્ષ વાવો- જીવન બચાવો ના નારા સાથે લોકો પાસે નાણા ઉઘરાવી તે સંદર્ભે વૃક્ષ વાવવાની વાતો કરી પોતે વૃક્ષ પ્રેમી છે તેઓ દેખાવ કરી રહ્યા છે સરકારશ્રીના વૃક્ષ વાવોના કાર્યક્રમમાં પણ તકનો લાભ છોડતા નથી અને પોતાની અને સંસ્થાની નામ કમાવવા ની હોડ ચાલી રહી છે. ધાનેરા તાલુકામાં રોજના ૫૦ થી ૬૦ ટ્રેક્ટરો મા ભરીને બિન કાયદેસર રીતે લીલા વૃક્ષો કપાઈને સો મિલો મા ઠલવાઈ રહ્યા છે તે નજરે જોઈ શકાય છે શું ? સો મિલો મા ઠલવાતા લીલા વૃક્ષોના લાકડા બધા કાયદેસરના છે ? ના તો પછી તે વૃક્ષો કપાય છે એ બાબતે વૃક્ષ પ્રેમીઓ કેમ પ્રેમ દેખાડતા નથી? તેઓમાં તાકાત નથી કે શું? અધિકારી સાથે રાખીને પણ કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ શકે છે. ધાનેરામાં સાંજના સમયે ૫૦ જેટલા ટ્રેક્ટરો બિન કાયદેસર રીતે કપાઈને આવતા લીલા વૃક્ષો લાકડા ભરી ને હેરાફેરી થઈ રહી છે અને સો મિલોમાં ઠલવાઈ રહ્યા છે અને સાંજના સમયે વોકિંગમાં જતા ધાનેરા નાગરિકો આવા દ્રશ્યો જોઈને આશ્ચર્ય પામે છે અને આવા વૃક્ષ પ્રેમીઓને શંકાસ્પદ રીતે મિલીભગત હોવાની ચર્ચા વધી રહી છે. ખાલી દેખાવ કરી અને ફોટા પડાવી મિડિયામાં ફક્ત પોતાનું નામ ચમકાવી રહ્યા છે તેવુ લોક મુખે ચર્ચાઈ રહ્યું છે અમુક સંસ્થાઓ જે વૃક્ષ પ્રેમીની વાતો કરી એક મુદ્દો તો પૂરો કરતા નથી જ્યારે બીજા મુદ્દા ઉપર દેખાવ કરતા જોવા મળી રહ્યા છે. ફક્ત અને ફક્ત પોતાનો સ્વાર્થ સિદ્ધાંતોને વળગી ને કામ કરી રહ્યા છે તેવું લાગી રહ્યું છે. જો આ વૃક્ષો પર તેમને લાગણી હોય અને પ્રેમ સાચો હોય તો બિન કાયદેસર વૃક્ષ છેદન થઈ રહ્યા છે તે બાબતે કાર્યવાહી કરાવશે કે ? પછી વૃક્ષ વાવો ના નામ ઉપર અન્ય મુદ્દા ઊભા કરીને પોતાનું નામ કમાવાનું ચાલુ રાખશે?

બનાસકાંઠામાં કોરોના વકર્યો : એક સાથે આઠ પોઝિટિવ કેસ નોંધાયા

ડીસામાં ૪, પાલનપુરમાં ૩ અને ભાભરમાં ૧ કેસ

પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં રવિવારે કોરોનાનો વિસ્ફોટ થયો હતો. જ્યાં એક સાથે આઠ કેસ નોંધાતા પ્રજાજનોમાં ફફડાટ પ્રસરી ગયો હતો. ડીસામાં ૪, પાલનપુરમાં ૩ અને ભાભરમાં ૧ કેસ નોંધાયો હતો. જેની સાથે જિલ્લામાં આંક ૧૮૦ પહોચ્યો છે. જ્યારે અત્યાર સુધીમાં નવ વ્યકિતના મોત નિપજી ચૂક્યા છે.

બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસનું સંક્રમણ દિન-પ્રતિદિન વધી રહ્યું છે. જોકે બીજી બાજુ દર્દીઓ સ્વસ્થ થતાં એમને કોવિડ હોસ્પિટલમાંથી રજા પણ આપવામાં આવી રહી છે. આવી સ્થિતિમાં બનાસકાંઠા જિલ્લામાં રવિવારે કોરોનાનો વિસ્ફોટ થયો હતો. જ્યાં એક સાથે આઠ કેસ નોંધાતા પ્રજાજનોમાં ફફડાટ પ્રસરી ગયો હતો. ડીસામાં ૪, પાલનપુરમાં ૩ અને ભાભરમાં ૧ કેસ નોંધાયો હતો. આ અંગે જિલ્લા આરોગ્ય અધિકારી ડો. મનિષ ફેન્સીએ જણાવ્યું હતુ કે, પાલનપુરના કીર્તિસ્તંભ વિસ્તારમાં હોસ્પિટલ ધરાવતાં તબીબના પત્નીને, તુલસી વિવાહ સોસાયટીમાં મહિલાને, તિરુપતિરાજ નગરમાં યુવક, જ્યારે ડીસા સુખબાગ વિસ્તારમાં મહિલા, માલગઢ ગામે યુવક, ડાયમન્ડ સોસાયટીમાં યુવક, જ્યારે ભાભરમાં એક વ્યક્તિ મળી કુલ આઠ જણાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જેમને તાત્કાલિક કોવિડ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. જ્યારે તેમના સંપર્કમાં આવેલા પરિવાર તેમજ અન્ય લોકોને હોમ કોરેન્ટાઇન કરવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જિલ્લામાં આંક ૧૮૦ પહોચ્યો છે. જ્યારે અત્યાર સુધીમાં નવ વ્યકિતના મોત નિપજી ચૂક્યા છે.

અરવલ્લીમાં શ્રી રામ જન્મભૂમિ તીર્થક્ષેત્ર અયોધ્યા નિર્માણ અંતરંગ તીર્થસ્થાનની માટી અને જળ એકત્ર કર્યું

ભગવાન રામચંદ્રના અયોધ્યામાં નવ નિર્માણ મંદિર માટે અરવલ્લી જિલ્લાના સુપ્રસિધ્ધ યાત્રાધામ શામળાજી મંદિરમાંથી જળ માટી અને કળશ અરવલ્લી જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા એકત્રિત કરી અયોધ્યા મોકલવામાં આવી હતી.

છેલ્લા કેટલાક વર્ષોથી રામ મંદિર નિર્માણ માટે અયોધ્યામાં સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ રામ મંદિરનું કામ ચાલુ કર્યું છે, ત્યારે મંદિર નિર્માણમાં ભારતના પવિત્ર તીર્થમાંથી જળ અને માટી કળશમાં ભરી લઈ જવામાં આવે છે ત્યારે ભવ્ય રામ મંદિરના નિર્માણ માટે ભારતભરમાં આવેલ પવિત્ર યાત્રાધામમાંથી જળ અને માટી કળશમાં ભરી અયોધ્યા મોકલવામાં આવે છે તેજ રીતે ગુજરાત રાજ્ય દુર્ગાવાહિનીના પ્રમુખ માલાબેન રાવલ તથા મોટી સંખ્યામાં કાર્યકરો

આજરોજ યાત્રાધામ શામળાજીમાં ભગવાન શામળિયાના મંદિરમાંથી જળ માટી અને કળશનું પૂજા અર્ચન કરી વૈદિક મંત્રોચ્ચાર કરવામાં આવ્યા અને આ તમામ પવિત્ર માટી જળ કળશનું વિશ્વ હિન્દુ પરિષદના અનિલભાઈ પટેલ, ઉપસ્થિત રહીને ભગવાન રામનું ભવ્ય મંદિરનું નિર્માણ કાર્ય ચાલુ કરવામાં આવે તે હેતુથી ગુજરાત રાજ્યના પવિત્ર યાત્રાધામ શામળાજીમાં જળ અને માટી કળશમાં ભરી અયોધ્યા મોકલવામાં આવી હતી.

રાજ્યભરની અદાલતોનું કામ વીડીયો કોન્ફરન્સીંગથી ટૂંક સમયમાં ચાલુ કરાશે

અમદાવાદ સહિત રાજ્યભરની જિલ્લા કોર્ટોમાં અદાલતી કામકાજ વિડિયો કોન્ફરન્સીંગ દ્વારા ચાલુ કરવા માટે ગુજરાત હાઈકોર્ટના રજિસ્ટરે આજે ગાઈડલાઈન બહાર પાડી છે. કોરોના મહામારી અને લોકડાઉનની સ્થિતિને લીધે રાજ્યભરની અદાલતોનું કામકાજ છેલ્લા ત્રણ માસથી ઠપ હતું. આગામી ૧લી જુલાઈથી પુરતી સાવચેતી સાથે રાજ્યભરની અદાલતોમાં મર્યાદિત રીતે કામકાજ શરૂ થવાની સંભાવના છે. રાજ્યભરમાં કોવિડ-૧૯ મહામારીને ધ્યાનમાં રાખીને લાદવામાં આવેલ લોકડાઉન બાદ છેલ્લા ૩ માસથી રાજ્યભરની અદાલતી કામકાજ ઠપ થઈ ગયું હતું. ૧લી જુનથી રાજ્યમાં અનલોક કરવામાં આવ્યું હતું પરંતુ અદાલતોને કામકાજ કરવાની છૂટ આપવામાં આવી ન હતી. હાઈકોર્ટ રજિસ્ટરે આપેલ માર્ગદર્શિકામાં જણાવ્યા મુજબ કોરોનાના વધતા જતા પોઝિટિવ કેસોને જોતા હાલની સ્થિતિમાં અદાલતમાં ફિઝિકલ કામકાજ કરવું હિતાવહ નથી. જે કેસોમાં જેમકે લેન્ડ લીકવિકેશન મોટર વ્હીકલ, છૂટાછેડાના સેટલમેન્ટ કેસ અને મેન્ટેનન્સના કેસોમાં જો વ્યક્તિની રૂબરૂ હાજરીની જરૂરિયાત હોય તેવા કેસોમાં એક અલાયદા રૂમમાં પુરતુ સોશિયલ ડિસ્ટન્સીંગના પાલન કરવા સાથે મર્યાદિત સંખ્યામાં જ વ્યક્તિને હાજર રહેવા દેવામાં આવશે.

મુક્ત થયું... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સમસ્યા ઉભી થઈ હતી. જયારે ગામના પશુઓ માટે પણ આ તળાવ સમસ્યારૂપ બન્યુ હતુ. ગ્રામ પંચાયત દ્વારા પણ છેલ્લા બે વર્ષથી સરકારની વિવિધ યોજનાને ધ્યાને લઈને તળવાની દશા સુધારવા પ્રયત્ન કરવામાં આવતા હતા. પરંતુ તળાવ સફાઈની કામગીરીનુ ઠેકાણુ પડતુ ન હતુ. જયારે તાલુકા વિકાસ અધિકારીના પ્રયાસથી આ તળાવ હાલની સ્થિતિએ જંગલી વેલની ચુંગાલમાંથી મુક્ત થયુ છે. તળાવની સફાઈ પણ કરવામાં આવી છે. સરકારની મનરેગા યોજના અન્વયે જી એ ધાંધલ્યા તેમજ મનરેગાની ટીમે નમુનારૂપ કામગીરી કરી ગ્રામજનોને આ સમસ્યામાંથી મુકતી આપી છે. જયારે આ ઉમદા કામગીરી બદલ વાસણ ગામના સરપંચ , ઉપસરપંચ તેમજ ગ્રામ પંચાયતના સભ્યોએ તમામ ગ્રામજનો વતી તાલુકા વિકાસ અધિકારી જી એ ધાંધલ્યાને સન્માનપત્ર પણ એનાયત કરવામાં આવ્યુ છે. જંગલી વેલની જટીલ સમસ્યાથી ઘેરાયેલા તળાવની સફાઈના અંતે સમગ્ર વિસ્તારનો સિનારીયો પણ બદલાઈ ગયો છે.

૨૦ હજાર કેસ... ● પહેલા પાનાનું ચાલુ

ઓફ મેડિકલ રિસર્ચના જણાવ્યા પ્રમાણે, શનિવારે ૨ લાખ ૩૨ હજાર ૦૯૫ ટેસ્ટ કર્યા હતા. આ સાથે જ ૨૭ જૂન સુધી દેશમાં ૮૨ લાખ ૨૭ હજાર ૮૦૨ સેમ્પલ ટેસ્ટ કરવામાં આવ્યા છે.

કેન્દ્રના આરોગ્ય મંત્રાલયના ડેટા મુજબ, કોરોના વાયરસના કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૫,૨૯,૮૫૯ થઈ ગઈ છે. ૨૪ કલાકમાં ૧૯,૯૦૬ કેસ સામે આવ્યા છે. અત્યાર સુધી દેશમાં ૨,૦૩,૪૮૬ એક્ટિવ કેસ છે જ્યારે ૩,૦૯,૭૧૩ કેસ સાજા થઈ ગયા છે. અને ૧૬,૧૧૨ લોકોના અત્યાર સુધી કોરોનાના કારણે મોત થયા છે. સાથે જ દેશભરમાં ૩ લાખ ૧૦ હજારથી વધુ લોકો સાજા થયા છે.

દેશભરમાં સૌથી વધુ ૧ લાખ ૫૯ હજારથી વધુ દર્દી તો માત્ર મહારાષ્ટ્રમાં જ છે. અહીંયા ૭ હજારથી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે. તો ૮૦ હજારથી વધુ દર્દીઓ સાથે દિલ્હી બીજા ક્રમે છે. અહીંયા ૨ હજારથી વધુ લોકોના મોત થયા છે. દેશભરમાં છેલ્લા ૨૪ કલાકની અંદર ૨૦,૧૩૨ કોરોનાના દર્દીઓ વધ્યા છે. સૌથી વધારે મોત મહારાષ્ટ્રમાં ૭૨૭૩ લોકોના થયા છે. પરંતુ વસ્તીના હિસાબથી સૌથી વધુ મોત દિલ્હીમાં થયા છે. રાજધાનીમાં અહીંયા પ્રતિ ૧૦ લાખની વસ્તી પર ૧૨૯ લોકોના મોત થઈ રહ્યા છે, જે દેશમાં સૌથી વધારે છે.

જડબાતોડ જવાબ... ● પહેલા પાનાનું ચાલુ

કહ્યું કે અમને મિત્રતા નિભાવતા આવડે છે તો દુશ્મનની આંખોમાં આંખો નાંખીને જવાબ આપતાં પણ આવડે છે, લદાખના જવાનોની શહાદતને આખો દેશ યાદ રાખશે.

લદાખમાં ભારત-ચીન વચ્ચે ઝપાઝપી પર વાત કરતા વડાપ્રધાને જણાવ્યું કે, ભારતની ભૂમિ પર આંખ ઉઠાવીને જોનારાઓને ભારત અને અમારા જવાનો તરફથી જડબાતોડ જવાબ મળ્યો છે

હાલના ૨૦૨૦ના વર્ષમાં કોરોના, ભૂકંપ, વાવાઝોડુ,તીડના હુમલા વગેરે. આપત્તિઓના સંદર્ભમાં સામાન્ય લોકોની લાગણીનો પડઘો પાડીને તેમણે કહ્યું કે, લોકો કહી રહ્યા છે કે આ વર્ષ ક્યારે પસાર થશે. આ વર્ષ સારો નથી, આ શુભ નથી લોકો ઈચ્છે છે કે આ વર્ષ વહેલી તકે પસાર થઈ જાય. આ વર્ષે અમ્ફાન, નિસર્ગ તૂફાન આવ્યા, ભૂકંપના આંચકા પણ આવ્યા અને પડોશી દેશો સાથે તણાવ પણ સર્જાયો. તેમ છતાં આ વર્ષને ખરાબ માની લેવું યોગ્ય નથી.તેમણે સવાલ કર્યો કે શું આ બધી આપત્તિઓને કારણે આપણે સન. ૨૦૨૦ને ખરાબ માની લેવું જોઈએ?. એક વર્ષમાં એક મુશ્કેલી આવે કે હજાર, એનાથી એ વર્ષ ખરાબ ન થઈ જાય. કેટલાક રાજ્યોમાં આપણા ખેડૂત ભાઈ બહેનો તીડના હુમલાથી હેરાન થઈ રહ્યા છે, તો દેશના ઘણા ભાગોમાં નાના નાના ભૂંકપના આચંકા અટકવાનુ નામ નથી લઈ રહ્યા એમ પણ તેમણે કહ્યું હતું.

તેમણે કહ્યું કે, આ વખતે મન કી બાત કાર્યક્રમ માટે તેમણે ૧૪ જૂને ટ્વિટ કરીને પ્રજા પાસે સૂચનો માંગ્યા હતા. વર્ષ ૨૦૨૦ની અડધી સફર પુરી થઈ ગઈ છે. જ્યાં જુઓ ત્યાં મહામારીની ચર્ચા થઈ રહી છે. દરેક એક જ વિષય પર ચર્ચા કરી રહ્યું છે કે આ વર્ષ ઝડપથી જતું રહે, આ બિમારી ક્યારે ખતમ થશે. કોઈ કહી રહ્યું છે કે, ૨૦૨૦ શુભ નથી. ક્યારેક ક્યારેક તો વિચારું છું કે આવું કેમ થઈ રહ્યું છે, એમ પણ તેમણે કહ્યું હતું. તેમણે ચીનના મામલે દેશવાસીઓને વિશ્વાસ અપાવતાં કહ્યું કે, લદ્દાખમાં ભારતની ભૂમિ પર આંખ ઉઠાવીને જોવા વાળાઓને જડબાતોડ જવાબ આપ્યો છે. લદ્દાખમાં જે ૨૦ જવાન શહીદ થયા છે તેમને આખો દેશ નમન કરે છે. આ સાથીઓના પરિવારના જેમ દરેક ભારતીય તેમને ગુમાવવાનું દુઃખ અનુભવી રહ્યા છે.

ચર્ચા માટે તૈયાર... ● પહેલા પાનાનું ચાલુ

રહી છે, તે સમયે આવા નિવેદનો ન આપવા જોઈએ જે પાકિસ્તાન કે ચીનને ખુશ કરશે. અમિત શાહે વધુમાં કહ્યું કે સરકાર ભારત વિરોધી પ્રચાર સામે લડવામાં સક્ષમ છે પરંતુ દુઃખની વાત છે કે આટલા મોટા પક્ષના પૂર્વ રાષ્ટ્રપતિ આવી 'ક્ષુદ્ર' રાજનીતિ કરે છે. સુરિંદર મોદીના ટ્વીટનો વધુ ઉલ્લેખ કરતા શાહે કહ્યું કે કોંગ્રેસ અને રાહુલે પોતાને આ વિશે વિચાર કરવો જોઈએ. પાકિસ્તાન અને ચીનના લોકો આ હેશટેગનો ઉપયોગ પોતાની વાત બનાવવા માટે કરી રહ્યા હતા. કોંગ્રેસે તેના વિશે વિચારવું જોઈએ કે તેમના પક્ષના નેતાના હેશટેગથી ચીન-પાકિસ્તાનને પ્રોત્સાહન મળે છે. તે પણ આવા સંકટ સમયે. ખરેખર, એલએસી વિવાદ પર રાહુલ ગાંધીએ એક ટ્વીટ કર્યું હતું. તેમણે કટાક્ષ કરતા કહ્યું કે નરેન્દ્ર મોદી ખરેખર 'સરન્ડર મોદી' છે. આ પહેલા પણ અને પછી પણ રાહુલ ગાંધી સતત લદાખ મામલે સરકાર પર સવાલ ઉભા કરી રહ્યા છે. મન કી બાત કાર્યક્રમ પૂર્વે જ રાહુલ ગાંધીએ કહ્યું હતું કે રાષ્ટ્રીય સુરક્ષા અંગે ક્યારે વાત કરવામાં આવશે. જોકે, મનની વાત કરીએ તો પીએમ મોદીએ ચીનને જોરદાર સંદેશ આપ્યો. મોદીએ કહ્યું કે ભારત દોસ્તી અને 'દુશ્મનાવટ' બંને રમવાનું જાણે છે. લદાખમાં ભારતની ધરતી પર, જેઓ આંખોથી જુએ છે, તેમને એક ઉત્તમ જવાબ મળ્યો છે. તેથી તે આંખ મીંચીને અને સાચો જવાબ પણ છે.

કાયદો અને કાનૂન ● ચોથા પાનાનું ચાલુ

સ્ત્રીઓનું શોષણ અટકાવવું એ દરેક નાગરિકની બંધારણીય પવિત્ર ફરજ છે. જે સ્ત્રીને બંધારણની કલમ ૫૧ (એ) (ઈ) થી રક્ષીત કરવામાં આવી છે.

ભારતના બંધારણની કલમ ૨૧ મુજબ સ્ત્રીને વ્યક્તિગત સ્વતંત્રતાનો અધિકાર બક્ષવામાંઆવેલો છે. ૧૯૫૬ થી સ્ત્રીઓને ચર્તુવિધ કાયદાઓ દ્વારા રક્ષીત કરવામાં આવી છે. છુટાછેડા માંગતી સ્ત્રીઓને પણ હિન્દુ લગ્ન અધિનિયમની કલમ ૨૪ મુજબ વચગાળાનં ભરણપોષણ આપવું ફરજીયાત છે પરંતુ સાંપ્રત સમાજમાં કોરોનાના કારણે કોર્ટનું કામકાજ બંધ રહેતા પતિ દ્વારા પત્નીને આપવામાં આવતા ભરણપોષણ ભરવામાં ઠાગાઠૈયા કરવામા આવે છે અને ટેકનિકલી લાભ મેળવે છે. સરકારે તાત્કાલીક ફેમીલી કોર્ટનું કામકાજ ચાલુ કરી સ્ત્રીઓને ન્યાય અપાવવો જોઈએ.

૧૩ કેસ નોંધાયા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માણસા તાલુકામાંથી આજે ૪ કેસ મળી આવ્યા છે. જેમાં ઈશ્વરપુરા ગામેથી એક મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ ઉપરાંત વેડા ગામેથી પણ અન્ય એક મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

મળતી વિગતો પ્રમાણે માણસા અર્બનમાંથી આજે બે કેસ કોરોના પોઝીટીવના મળી આવેલ છે જેમાં એક પુરૂષ દર્દી અને એક મહિલા દર્દીનો સમાવેશ થાય છે. પુરૂષ દર્દી હાલ સારવાર માટે ગાંધીનગરની એક ખાનગી હોસ્પિટલમાં દાખલ થયેલ છે જ્યારે મહિલા દર્દી સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ થયેલ છે.

ગાંધીનગર તાલુકામાંથી આજે પાંચ કેસ મળી આવેલ છે. જેમાં પેથાપુર ગામેથી બે કેસ મળી આવતાં તંત્રની ચિંતામાં વધારો થયો છે. પેથાપુરમાંથી કેસોની સંખ્યા વધી રહી છે. તંત્રએ અહિ સઘન સર્વેલન્સની સૂચનાઓ આપી છે. પેથાપુરમાંથી એક ૫૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે તે અમદાવાદમાં એક પેટ્રોલ પંપ પર નોકરી કરતો હોવાનું જાણવા મળેલ છે. આ ઉપરાંત પેથાપુરમાંથી એક ૮૦ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પણ પોઝીટીવ આવેલ છે. આજે ઝુંડાલમાંથી પણ એક ૪૩ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ મહિલા નાઈજીરીયાથી ડિસેમ્બર મહિનામાં અહિ આવી છે તે તેની બહેનની સારવાર માટે અને ભાડાના મકાનમાં રહે છે. તેની બહેનની સારવાર એપોલો હોસ્પિટલમાં ચાલતી હોવાનું પણ જાણવા મળેલ છે.

આ ઉપરાંત રૂપાલમાંથી પણ એક ૪૭ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. રૂપાલમાં પણ કેસોની સંખ્યા વધી રહી છે. આ મહિલા દર્દી મહેસાણા જઈ પરત આવી હોવાનું જાણવા મળેલ છે. અડાલજમાંથી પણ એક મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ ઉપરાંત શેરથા ગામેથી એક ૫૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો હોવાનું જાણવા મળેલ છે. આ પુરૂષ દર્દી ટોલપ્લાઝા પર નોકરી કરતો હોવાનું જાણવા મળેલ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં હાલ ૧૪,૯૫૭ લોકો હોમ ક્વોરોન્ટાઈન હેઠળ હોવાનું જાણવા મળેલ છે. જિલ્લામાં આજે વધુ પાંચ દર્દી રિકવર થઈ જતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા દર્દીઓનો રિકવરી રેટ સારો હોવાનું પણ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. ૨૯૯ જેટલા નોંધાયેલા દર્દીઓ રિકવર થઈ જતાં તેમને ડિસ્ચાર્જ આપી દેવામાં આવ્યુ હોવાનું આ સૂત્રોએ જણાવ્યુ છે.

આમૂલ પરિવર્તન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મળતી વિગતો પ્રમાણે જે કામો હાથ ધરવાના છે તેમાં ગ્રામ પંચાયત કક્ષાએ કામો શરૂ કરતાં પહેલાં તાલુકા વિકાસ અધિકારીની તાલુકાકક્ષાએ જે કામો હાથ ધરવાના હોય તેમાં જિલ્લા વિકાસ અધિકારીએ અને જિલ્લાકક્ષાએ જે કામો હાથ ધરવાના છે તેની વિકાસ કમિશનરશ્રીની કચેરી દ્વારા મંજૂરી મેળવવાની રહેશે. સરકારે એ પણ સ્પષ્ટતા કરી છે કે આ અનુદાનમાંથી કર્મચારીઓના પગાર-ભથ્થા, આકસ્મિક ખર્ચ, સ્ટેશનરી ખર્ચ કે પ્રવાસ ભથ્થા જેવા ખર્ચ કરી શકાશે નહિ. નાણાંપંચ દ્વારા ફાળવવામાં આવેલ અનુદાનની આ નવી નીતિમાં જે આકરી શરતો અને અધિકારી રાજને પ્રોત્સાહિત કરવામાં આવ્યુ હોવાનું પંચાયતી રાજના નિષ્ણાતો જણાવી રહ્યા છે.

વિકાસ કામો વેગીલા નહિ અને પણ તબક્કાવાર તે સતત અટવાયેલા રહેશે એટલુ જ નહિ ગ્રાન્ટનો ઉપયોગ જે તે નાણાંકીય વર્ષમાં થવો જોઈએ તેવા સરકારના આગ્રહનું કેટલુ પાલન થશે તેના પર પણ પ્રશ્નાર્થ ચિહ્ન લાગેલુ છે. પંચાયતી રાજમાં હિસાબની જાળવણી અને રજીસ્ટરોની નિભાવણી કરતા તલાટીઓની ઘટ જ એટલી બધી છે કે હાલ પણ દરેક તલાટી પાસે એક કરતાં વધુ સેજાના ચાર્જ રહેલા છે.

પ્રથમ વર્ષ હોવા છતાં હજુ વિભાગ દ્વારા સરપંચોને પણ તંત્ર દ્વારા આ બાબતે જે સમજૂત કરવા જોઈએ તે કરાયા નથી એટલે આ વર્ષે કેટલી ગ્રાન્ટ વપરાશે તે અંગે પણ પ્રશ્નાર્થ ઉભા થયા છે. નાણાંકીય વર્ષના મધ્યમાં આ ગ્રાન્ટ ફાળવણીના હુકમો થતાં અને ડિસેમ્બરમાં પંચાયતોની ચૂંટણીઓ છે એટલે સરકારે ગ્રામીણ વિકાસને ખોરંભે પાડવાનું કામ માત્ર કર્યુ હોવાનું પણ પંચાયતના સૂત્રોમાં ચર્ચાઈ રહ્યું છે.

બે કેસ મળ્યા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ધોળાકુવા ગામેથી ૪૨ વર્ષનો એક પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ પુરૂષ છુટક કામ કરી અને રોજગારી મેળવતો હતો. આ દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ દર્દીના પરિવારના અન્ય વ્યક્તીને હોમ ક્વોરોન્ટાઈન તંત્ર દ્વારા કરવામાં આવેલ છે. શહેરમાં નોંધાયેલા કેસો પૈકી આજે વધુ બે દર્દી રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. હાલ ૩૯ જેટલા કેસ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. તંત્ર દ્વારા આજે મળેલા આ બે દર્દીઓના રહેઠાણની આસપાસના વિસ્તારને આવરી લેતા કન્ટેનમેન્ટ ઝોન અંગેના જાહેરનામા પ્રસિદ્ધ કરાયા છે. શહેરમાં હાલ ૧૯૭ લોકો ક્વોરોન્ટાઈન હેઠળ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

વરસાદ નોંધાયો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૨૭ ટકા, ગાંધીનગર તાલુકામાં ૧૧.૧૪ ટકા , કલોલ તાલુકામાં ૧૦ ટકા વરસાદ થયો છે. જયારે માણસામાં ૧૬.૬૧ ટકા વરસાદ વરસ્યો છે. જે મુજબ દહેગામ તાલુકામાં ૨૨૧, ગાંધીનગર તાલુકામાં ૭૯ મી મી કલોલમાં ૭૫ મી મી, જયારે માણસામાં ૧૩૪ મી મી વરસાદ થયો છે. ગાંધીનગર જિલ્લાનો સિઝનનો સરેરાશ વરસાદ ૭૮૧ મી મી છે. જયારે અત્યાર સુધીમાં ૧૨૭ મી મી વરસાદ થયો છે. જે સિઝનના સરેરાશ વરસાદ મુજબ ૧૬.૨૮ ટકા જેટલો થાય છે. જુન મહીના અંત સુધીમાં જિલ્લામાં સિઝનનો સરેરાશ વરસાદ ૧૬.૨૮ ટકા નોંધાયો છે. શહેરમાં અને જિલ્લામાં આ વર્ષે ચોમાસુનુ આગમન તોફાની રહ્યુ છે. હવામાન તજજ્ઞોનાના મતે જુલાઈના પ્રથમ સપ્તાહથી નિયમિત ચોમાસાનો પ્રારંભ થશે વરસાદી દિવસોની શરૂઆત સાથે શહેર અને જિલ્લામાં વરસાદી સમસ્યાઓ પણ ડોકીયા કરતી જોવા મળે છે. જયારે વરસાદી દિવસોની શરૂઆત સાથે ગરમીનુ જોર ઘટયુ છે. પરંતુ વધતા ભેજના પ્રમાણની સાથે શહેરીજનો અસહ્ય બફારો અનુભવી રહ્યા છે.